

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તા હોય હાથમાં તો મદનો બેટ ઉપડે છે.*
*ભરાઈ જાય ગાલનાં ગલોફાં, પેટ ઉપાડે છે!*
*ઉપડે છે જેટ અભિયાનનું બેકાબૂ ગતિથી -*
*સંતાનો ને ચડે છે ચરબી ને ફેટ ઉપડે છે...*
*(આકાશ - વિજય વર્ગીય)*

### હાઈકુ

*મદ મદિરા !*
*વિસરાવે વિવેક -*
*ભૂલાવે ભાન...*

*ખીલ્યું કમળ -*
*પાખંડી પાંખડીઓ -*
*ઉડે આકાશ...*

### ચિંતન

**નિત્યોપલબ્ધ્યનુપલબ્ધિસંગો ડન્યતરનિયમો વાન્યથા ॥**

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જીવાત્માને અંતઃકરણના સંબંધથી વિષયોનું જ્ઞાન થાય છે એવું ના માનવાથી. એને સદાને માટે વિષયોનો અનુભવ થવાનો અથવા કદી પણ ના થવાનો પ્રસંગ પેદા થશે.

જીવાત્મા સ્વયંપ્રકાશ સ્વરુપ છે. એને મન અથવા બુદ્ધિના સંબંધથી જ વિષયોનું જ્ઞાન થાય છે. એવું શા માટે માનવું જોઈએ ? એવી શંકાના સમાધાન માટે અહીં જણાવવામાં આવે છે કે જીવાત્માને મન, બુદ્ધિ અથવા અંતઃકરણના સંબંધથી વિષયોનું જ્ઞાન થાય છે એવું ના માનીએ તો એને કોઈ વસ્તુનો અનુભવ થાય છે ને કોઈ વાર નથી થતો એ હકીકતનું સ્પષ્ટીકરણ થઈ શકતું નથી.

એ પ્રકાશ સ્વરુપ હોવાથી પદાર્થોનો અનુભવ પોતાની મેળે જ કરે છે. એવું માનીએ તો તે એને એક સાથે ને હંમેશા સઘળા પદાર્થોનું જ્ઞાન થાય છે એવું પણ માનવું પડશે.

મનથી જ તે જુએ છે ને મન દ્વરા જ સાંભળે છે.

### સુવિચાર

- શ્રદ્ધા રાખવી મુશ્કેલ છે, અંધશ્રદ્ધા ન રાખવી અશક્ય છે - **વિક્ટર હ્યુગો**
- ઈશ્વર ચિત્ર મેં નહીં ચરિત્ર મેં બસતા હૈ, અપની આત્મા કો મંદિર બનાવો - **અમૃતબિંદુ**
- વ્યક્તિના વર્તન પાછળ નેવુ ટકા માનસિકતા અને દસ ટકા બાહ્ય પરિબળો જવાબદાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એવી રીતે કાર્ય કરો કે તમારો સંકલ્પ પોતાના વ્યક્તિગત સિદ્ધાંત દ્વારા તે જ સમયે સાર્વત્રિક નિયમ બનવા સમર્થ બને - **સંત ઓગસ્ટિન**
- ઊભા થઈને બોલવામાં મર્દાનગી છે તેમ બેસી જઈને સાંભળવામાં પણ મર્દાનગી છે - **ચર્ચિલ**
- આનંદની મૂડી દરેક પાસે અનામત છે, પણ કોઈ ખર્ચે છે તો કોઈ સંગ્રહી રાખે છે - **બોધિ વૃક્ષ**
- આજનું ઔષધ : દારુડીના પાન દહીમાં પીસી ચપટી ખડી સાકર ઉમેરી પેસ્ટ એક ચમચી ખાવાથી મોઢામાં પડેલા ચાંદામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એપલ કેમ્પ્યુટરે ૧૯૮૪માં યુઝર ફ્રેંડલી મેકિન્ટોશ કમ્પ્યુટર રજુ કર્યું. આ 'મેક' મોડલ ખૂબ લોકપ્રિય બન્યું અને માર્કેટમાં પ્રથમ સ્થાન પર પહોંચી જશે. એવું લાગવા લાગ્યું હતું. આ કોમ્પ્યુટરની ઓપરેટીંગ સિસ્ટમને એપલના લાઈસન્સ આપવા માટે એપલ કંપની તૈયાર ન હતા. કારણ કે જો આમ થાય તો એમની મોનોપોલી તૂટી જાય. આ સમયે તેમની હરીફ કંપની આઈબીએમ માટે માઈક્રોસોફ્ટે નવી ઓપરેટીંગ સિસ્ટમ વિન્ડોસ વિકસાવી. માઈક્રોસોફ્ટે આ સિસ્ટમના જે કોઈ ડોલર્સ ચૂકવે તો તે સરળતાથી લાઈસન્સ મેળવી શકે અને એમ કરવાથી આઈબીએમનું તથા માઈક્રોસોફ્ટનું વેચાણ રોજ વધવા લાગ્યું. એપલે તો છેક ૧૯૯૪માં મેક ટેકનોલોજીના લાઈસન્સ આપવાનું શરૂ કર્યું પણ ત્યારે તો ખૂબ મોડું થઈ ગયું હતું. કારણ કે તે દસ વર્ષ દરમિયાન વિન્ડોઝના ચાહકો વધી ગયા હોવાથી મેકને ધારેલી સફળતા મળી શકી નહીં. આ પરથી સમજવું પડશે કે આપણી જિંદગી એટલે વ્યક્તિગત કે વ્યવસાયિક ક્ષેત્રમાં લેવામાં આવેલા નિર્ણયોનો સરવાળો. દરેક નિર્ણય લેતી વખતે એક એવું નિર્ણાયક બિંદુ આવે છે, જયારે આપણે માનસિક રીતે પૂરા સજ્જ થવું જોઈએ. ઝડપથી લેવાયેલો નિર્ણય આફતજનક પરિણામો લાવી શકે છે. એજ રીતે વિલંબ નુકશાન કારક બની રહે. જીવનના મહત્ત્વના તબક્કે નિર્ણય લેવો જેટલો અગત્યનો છે એના કરતાંય વધારે મહત્ત્વનું છે એ નિર્ણય કયારે લેવો એના ટાઈમીંગનું.

# રાજયસભા : ભાજપ માટે કેક વૉક

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતના બે રાજયસભાના સભ્યો લોકસભામાં ચૂંટાયા એથી ખાલી પડેલી બેઠકો માટે ચૂંટણી યોજાઈ છે. જેમાં બેઉ બેઠકો ભારતીય જનતા પાર્ટીને મળતાં ગુજરાત પૂરતું રાજયસભાનું ખાતું સરભર બની રહે છે. અલબત્ત, કોંગ્રેસની માગણી મુજબ જો અદાલતે બેઉ બેઠકોની ચૂંટણી એક જ મતપત્રકથી રાખી હોત તો બે પૈકીની એક કોંગ્રેસને ફાળે જવાનું નક્કીજ હતું. એ ગણિત ખપમાં ન આવે એ માટે ભારતીય જનતા પાર્ટીએ, કેન્દ્ર સરકારે અને ચૂંટણી પંચે બેઉ બેઠકોની ચૂંટણી એક જદિવસે પરંતુ અલગ અલગ મતદાન દ્વારા કરાવવાની પદ્ધતિ લાગુ કરાવી જેને અગાઉના કેટલાક અદાલતી ચુકાદાઓનું પણ સમર્થન હતું. ભારતીય જનતા પાર્ટી પાસે લોકસભામાં પ્રચંડ બહુમતી છે પરંતુ રાજયસભામાં એનડીએના ઘટક પક્ષોની બેઠકો ઉમેર્યા પછી પણ હજી એની સાદી બહુમતી નથી થતી. એમાં વળી ગત વર્ષે યોજાયેલ પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને પછડાટ મળતાં દેખીતી રીતે રાજયસભાની ખાલી થનારી બેઠકો વારાફરતી ભરવા જતાં એનડીએની બેઠકો ઘટવાની સંભાવના છે. આ સંજોગોમાં ગુજરાતની બેઉ બેઠકો ભારતીય જનતા પાર્ટીના કબ્જામાં હતી એ જળવાઈ રહે તે જરૂરી હતું. જો કે ચૂંટણી પંચે અનુકૂળતા કરી આપતાં ભાજપને કોંગ્રેસી ધારાસભ્યો તોડી લાવવાની જરૂર ન રહી એટલે મોટા ઉપાડે મંત્રીપદાના બદલામાં કોંગ્રેસમાંથી લાલચુ ધારાસભ્યોને ક્રોસવોટિંગ કરાવવાની ગરજ ન રહી. આમ છતાં, લોકસભાની ચૂંટણી વખતથી જ પોતાની અનુકૂળતા મુજબ ટિકિટો નહીં ફાળવાતાં નારાજ ચાલી રહેલા એક સમયના પ્રખર ઠાકોર નેતા અને એમના એકાદ સાથી બેઉ તરફથી લબડે એવા સંજોગોમાં તો સરજાયા જ. કોંગ્રેસ માટે આ બેઉ બેઠકો લડવી જરૂરી નહોતી. પરંતુ લોકસભાની ચૂંટણી વખતે સાવ જ ધોવાઈ ગયેલી પાર્ટી જો એના પડછાયાની જેમ આવી પડેલી રાજયસભાની ચૂંટણી વખતે ઉમેદવારો જ ઊભા ન રાખે તો પાટી વિશે પ્રજામાં અને સવિશેષ એના કાર્યકર્તાઓ તથા મતદારોમાં નિરાશાજનક અભિપ્રાય બંધાઈ જવાની શક્યતા હતી. હાર નક્કી હોવા છતાં આ કારણસર કોંગ્રેસે બેઉ બેઠકો પર પોતાના ઉમેદવારો મૂકવાનો નિર્ણય કર્યો હશે. લોકસભામાં મળેલા પરાજય પછી એનસીપીની ટિકિટ પર ચૂંટાયેલા કાંધલ જાડેજા તો છડેચોક ભાજપ સાથે રહ્યા છે. ગત ચૂંટણી વખતે પણ એમણે અહમદ પટેલની વિરુદ્ધ વોટિંગ કર્યું હતું. ગુજરાત કોંગ્રેસને બેઠી કરવા વર્તમાન નેતાગીરી ઘણી વાણમી નીવડી છે. રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધીને મળેલ નિષ્ફળતા પછી દરેક પ્રદેશ સમિતિમાં નવા પ્રાણ ફૂંકી શકે એવી નવી નેતાગીરી અનિવાર્ય બની ગઈ છે. જો કે આળસુ અને રીઢા કોંગ્રેસીઓ આ મુદ્દે હજી સળવળ્યા નથી અને ભવિષ્યમાં સળવળે તો પણ એવી સક્ષમ વૈકલ્પિક નેતાગીરી ઊભી કરી શકે કે કેમ એ પ્રશ્ન જ રહેશે. કોંગ્રેસનું ડૂબતું વહાણ મધદરિયે રેઢું મૂકી ગાંધી પરિવારે હાથ ઊંચા કરી દીધા છે. કોંગ્રેસ પાસે એ વહાણને કિનારે પહોંચાડી શકે એવી ક્ષમતા ધરાવનાર બીજી હરોળ છે જ કયાં !

# Desire is the root Cause of all evil



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

*Desire is the root Cause of all evil*

*- ભેજા ફ્રાય*

સાગર બેલારી દિગ્દર્શિત ૨૦૦૭માં આવેલી 'ભેજા ફ્રાય' અદભૂત કોમેડી ફિલ્મ હતી. વાસ્તવમાં ૧૯૯૮માં આવેલ એક ફ્રેન્ચ પિક્ચર 'લા ડિનર ડે કોન્સ' પરથી પ્રેરિત આ ફિલ્મની ૨૦૧૦માં 'ડીનર ફોર સચમક્સ' નામક ફિલ્મ પણ આવી ગઈ હતી. શરત કટારીયાએ આ ફિલ્મ સંવાદ લખ્યા હતા.

વિનય પાઠકનો અભિનય આ ફિલ્મમાં લાજવાબ હતો... આ સંવાદ પણ ફિલ્મમાં વિનય પાઠક જ બોલે છે. રજતકપૂર, રણવીર શૌરી અને સારીકા, મિલીન્દ સોમાન જેવા કલાકારો આ ફિલ્મમાં હતા. આ જ ફિલ્મની સિકવલ 'ભેજા ફ્રાય-૨' ૨૦૧૧માં રીલીઝ થઈ હતી. પરંતુ મૂળ 'ભેજા ફ્રાય' જેવો જાદુ ઉત્પન્ન કરી શકી નહોતી.

ઈચ્છા જ બધી સમસ્યાઓનું મૂળ છે...

આવા અર્થ સામ્યવાળા તો ઘણા બધા શ્લોક સંસ્કૃત સાહિત્યમાં મળી આવે છે પરંતુ વૈરાગ્ય શતકનો આ શ્લોક અહીં એકદમ યોગ્ય લાગે છે.

*વલિભિર્મુખમાક્રાન્તં પલિતૈરંકિતં શિરઃ ।*
*ગાત્રાણિ શિથિલાયન્તે તૃષ્ણૈકા તરુણાયતે ॥*

મુખ કરચલીઓથી ઘેરાઈ ગયું છે. સફેદ વાળ વૃદ્ધાવસ્થા દર્શાવી રહ્યાં છે, શરીરના બધા અંગો શિથિલ થઈ ગયા છે. પરંતુ એક માત્ર તૃષ્ણા જ યુવાન થતી રહે છે.

મહાન કવિ ભર્તુહરિના પ્રખ્યાત વૈરાગ્યશતકમાં ૧૦૦ શ્લોક છે. તેમણે નીતિ શતક, શૃંગારશતક અને વિજ્ઞાન શતકની પણ રચના કરી છે. ભર્તૃહરિનો સમય આશરે પાંચમી સદીનો માનવામાં આવે છે.

jayuoza@gmail.com
Mo.9898046488

# રવિવારે 'કવિનો શબ્દ.... ઢળતી સાંજે' કાર્યક્રમ



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● સ્વભાષાનું ગૌરવ વધારવા, વ્યક્તિત્વના પ્રાણસમી, માતૃભાષા ગુજરાતીના સત્ત્વને જાણવા, માણવા અને માતૃભાષાના ભાષાશાસ્ત્ર અને વ્યાકરણની સમજૂતિ માટે 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા યોજાતી કાર્યશાળાઓ અંતર્ગત માતૃભાષા સાધકોની ત્રેવીસમી કાર્યશાળા તા. ૧૩મી જુલાઈને શનિવારના રોજ ૩.૩૦ થી ૬.૦૦ કલાકે ચિલ્ડ્રન્સ યુનિ.ના સભા ખંડ, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે, જેમાં એક આદર્શ શિક્ષક, માતૃભાષા હિમાયતી, સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને ગુજરાતી વ્યાકરણના સારા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ 'ગુજરાતી વ્યાકરણમાં સમાસ અને સંધિ' નો રસપ્રદ વિષય, પોતાની આગવી શૈલીમાં શિખવાડશે, આ કાર્યશાળાનો લાભ લેવા કન્વીનર સંજય પંડ્યા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય સાધતી સંસ્થાના ઉપક્રમે, જાહેર જીવનના સાથી કવિ ભાનુપ્રસાદ પુરાણીના આયુષ્યના ૮૧મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે, તેઓનાં રચેલાં ગીતોના શબ્દને સૂર સાથે સંગીતમાં ઢાળી, ભારત સરકારના સાંસ્કૃતિક કાઉન્સિલ (ICCR) ના માન્ય કલાકાર સુરેશ રત્નોત્તર તેઓના સાથીઓની સંગતે 'કવિનો શબ્દ.... ઢળતી સાંજે' અંતર્ગત તા. ૭-૭-૨૦૧૯ને રવિવારના રોજ,સાંજના ૩.૩૦ કલાકે, શ્રી બ્રહ્માણી કૃપા હૉલ, કડી સાર્વજનિક કેળવણી મંડળ પરિસર, સેકટર-૨૩, ગાંધીનગર પ્રસ્તુત કરશે, જે કાર્યક્રમનું સંકલન સંતપરંપરાના સાધક અને લબ્ધ પ્રસિદ્ધ કવિ ડૉ. દલપત પઢિયાર કરશે. જેમાં ઉપસ્થિત રહેવા અરુણ બુચ, કૃષ્ણકાન્ત જહા, દોલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, ભરત કવિ અને નટવર હેડાઉ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

muljibhaidhadhi@gmail.com, Mo. 9824366893

# ઘસાઈને ઉજળા થવાનો જીવનમંત્ર : કવિ કાગની વાણી



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કવિઓ દ્રષ્ટા હોય છે. જગતના અન્ય લોકોને જેની પ્રતિતિ કદાચ ન થાય તે બાબત કવિ કે સર્જકની સંવેદનામાં ઝીલાય છે. ક્રૌંચ વધની સંવેદનામાંથીજ સમગ્ર માનવ જાતને ઋષિ - કવિના અમૂલ્ય સર્જનની પ્રસાદી મળી. કવિ દુલા ભાયા કાગ આપણાં એક એવા સર્જક છે કે જેમણે આવા લોકહૈયાના ભાવને બારીકાઈથી ઝીલ્યા છે. ત્યારપછી તેને શબ્દોમાં પ્રગટ કર્યા છે. જે કવિની અંતર ચેતનાની જ્યોત પ્રજ્વલિત થાય તેની લેખનીમાંથી જગતને ઉત્તમ રચનાઓ મળે છે. તુલસી કે કબીર આથીજ લોકમાનસમાંથી કદી ભૂંસાવાના નથી.

દરેક માનવીને શુભ વિચારો તો આવતા હશેજ કારણ કે ઋષિઓએ માનવીને "અમૃતનો પુત્ર" ગણેલો છે. જ્યાં પણ તક મળે ત્યાં કંઈક શુભ કરવાની, સારું કરવાની માનવીની વૃત્તિ તેના જીવનને એક ગરિમા તથા ખૂમારીનો અનુભવ કરાવે છે. રક્તદાનની જે પ્રવૃત્તિ ગુજરાતમાં થાય છે તેના પ્રમાણની પ્રશંસા તથા તે પરત્વેનો અહોભાવ ઠોસ આંકડાઓ સાથે અવારનવાર માધ્યમોમાં ચમકે છે. તેથી ભામાશાના આ સીધા ગુજરાતી વારસદારો અમૂલ્ય ચીજનું સ્વેચ્છાએ દાન કરીને મનુષ્યત્વનું ગૌરવ વધારતા હોય તેમ લાગે છે. 'ટુકડો ત્યાં હરિ ઢુકડો'ની વાતમાં અપ્રતિમ શ્રધ્ધા ધરાવતા અનેક સ્થાનોએ ભેદભાવ સિવાય તમામ પ્રવાસીઓ કે દર્શનાર્થીઓને ભાવથી ભોજન પીરસવામાં આવે છે. કિડીયારા પૂરવાની પ્રથા કે જેમાં કિડીઓ – નાના જીવજંતુઓ માટે ખાદ્ય વસ્તુઓ વગડે કે નક્કી કરેલી જગાઓએ વેરી દેવામાં આવે છે તેમાં સૃષ્ટિના તમામ જીવો માટે લાગણીના દર્શન થતાં જોવા મળે છે. પર્યાવરણવિદો જે વાત હવે વિશેષ ભારપૂર્વક કરે છે તે બાબતના સંસ્કાર કેટલાયે લોકોના લોહીમાં પડેલા હોય તેમ લાગ્યા કરે છે. આપણી આસપાસ રહેલી bio-divercity નું જતન તેની લગોલગ વસવાટ કરનારા માનવીઓ થકી થયેલું છે. સમયમાં તથા જીવન જીવવાના ધોરણોમાં ઘણાં પરિવર્તનો થવા સ્વાભાવિક છે છતાં કેટલીક ઉમદા બાબતો કે પ્રથાઓ આજે પણ કાળના પ્રવાહ સામે ટકી રહેલી જોઈ શકાય છે.

કવિ શ્રી કાગ આપણાં સાહિત્યને અનેક યાદગાર સર્જનોની મોંઘેરી ભેટ ચડાવીને ગયા છે. આથી માનવી તરફ ચેતવણીના સૂરો રેલાવતા કહે છે કે કુદરતના દરબારમાં જે દિવસે લેખાં – જોખાં થશે ત્યારે જીવતરમાં કોઈક સત્કાર્ય કર્યું હશે તોજ ઉન્નત શિરે જવાબ આપી શકાશે. તેમ નહિ હોય તો કુદરતની કસોટીના સમયે હોંકારો દેતા વાણી ધ્રૂજવા લાગશે. મજાદરની મોંઘી માટીની સુગંધ દાઢીવાળા દુલા કાગના ભાતીગળ કાવ્ય સ્વરૂપે જગતમાં પ્રસરી છે અને આજે પણ હૈયા સોંસરવા ઉતરી જાય તેવા શબ્દોમાં મહેકી રહી છે. ભગતબાપુ લખે છે કે જો જીવનમાં શક્ય હોય એટલા સત્કાર્યો કરવાની તક ચૂકી જઈશું તો જગત નિયંતાને જવાબ આપવો દુષ્કર બનશે. કયામતના દિવસે જ્યારે જગત નિયતા હિસાબ માંગશે ત્યારે જીવનમાં જે કંઈ શુભ કે ઈષ્ટ કર્યું હશે તેનીજ ગણતરી થશે.

**વાલા ! તે દી ધ્રૂજશે વાણી,**
**પ્રભુ તુને પૂછશે પ્રાણી.**
**આંખ દીધી એને ઓળખવા,**
**વળી શુભ જોવાને કાજ.**
**એ... દોષ જોયા દુનિયા તણાં તેંતો,**
**એવું કર્યું અકાજ,**
**સદા રિયો નેણ ચડાવી**
**નિરમળતા આંખમાં નાવી...**
**કર દીધા તને સુકૃત કરવા**
**દીનને દેવા દાન**
**એ... ભજીયા નહિ ભગવાનને રે તેંતો,**
**ઝાઝા લીધેલા જાન**
**હાથે હરામ તેં ચાખ્યા,**
**માળા સાથે રુસણાં રાખ્યા...**
**કામ કર્યા તેં કોપ કરામણ,**
**જીવ ! હવે તું જાગ**
**એ... એક દી તારે ઊડવું જોશે,**
**કાંક કરી લેને કાગ.**

કવિ કહે છે તેમ કાળના અવિરત પ્રવાહમાં જીવન સતત ગતિશીલ રહે છે. સુકૃત્યો કરવા હોય તો તેના શુભ ચોઘડિયાની રાહ જોવી તે ભ્રમણામાં જીવવા બરાબર છે. ગંગાસતીની વીજળીના ચમકારે મોતીડા પરોવવાની શીખ વિસરવા જેવી નથી. કવિ કહે છે કે અનેક પ્રકારના સુકૃત્યો કરી શકાય તે માટે સમય તથા સાધન કુદરતે યોજનાપૂર્વક આપેલા છે. આપણે જીવનના સામાન્ય વ્યવહારમાં તેનો સદઉપયોગ કરીએ છીએ ખરા ? વાણી જો શુભ તત્વ સાથે તેમજ ઉત્તમ કરણી સાથે અનુસંધાન કરે તોજ ઉપકારક અભિવ્યક્તિનું પુષ્પ ખીલે છે. આવું પવિત્ર અનુસંધાન ન થાય તો વાણીના પાણીને પણ ભક્ત કવિ દયારામે નિરર્થક ગણાવેલું છે.

**કૃષ્ણ ભજો કૃષ્ણ કહો**
**કૃષ્ણ સુણો પ્રાણી**
**કૃષ્ણના કૃષ્ણના સંબંધ વિના,**
**વંધ્યા સહુ વાણી.**

જેમને શબ્દોની કિંમત છે તેમના થકી શબ્દોને ગરીમા તથા ગૌરવ પ્રાપ્ત થયા છે. શબ્દોના ફૂલો વેરનારના જીવનની વાસ્તવિક કરણી જો શબ્દોની પછવાડે હોય તો આવા શબ્દો ચમત્કાર સર્જી શકે છે. આથીજ ગાંધીના શબ્દો ઉપર દેશના અનેક લોકો સત્યાગ્રહના માર્ગે ફના થવા તૈયાર થયા. સુભાષબાબુની હાકલે આઝાદ હિન્દ ફોજમાં કામ કરવા તેમજ બલિદાન આપવા કંઈ કેટલાયે યુવક – યુવતીઓએ કેસરીયા કર્યા. કટોકટીના સૌથી પ્રતિકૂળ સંજોગોમાં વિશ્વયુધ્ધને વળાંક આપવામાં ચર્ચિલના શબ્દોએ જાદુ પાથર્યો હતો. "શેરીઓમાં આપણે સાથે લડીશું" તેવો જુસ્સો સ્વને જોડીને ચર્ચિલ પ્રગટાવી શક્યા હતા. કથની તથા કરણીના સાયુજયની પવિત્રતા જાળવીને ઈશ્વરે આપેલા જીવનની અમૂલ્ય ભેટ – સોગાદોને જાળવવા તેમજ તે માધ્યમોથી શક્ય તેટલા સુકૃત્યો કરવા કવિએ સૌને ધોરીમાર્ગ બતાવ્યો છે. એમ કરવાનું ચૂકી જઈશું તો કવિ 'મીન પિયાસી' (શ્રી દિનકરાય વૈદ્ય) કહે છે તેમ જીવન અર્થહીન બની રહેશે. પસંદગીનો હક્ક આપણો છે. એમ નહિ કરીએ તો ગેંગેં ફેંફેં કરવી પડે તેવી પૂરી સંભાવના છે.

**પરમેશ્વર તો પહેલું પૂછશે**
**કોઇનું સુખદુખ પૂછ્યું તું ?**
**દર્દભરી દુનિયામાં જઇને**
**કોઇનું આંસુ લૂછ્યું તું ?**
**ગેંગેં ફેંફેં કરતા કહેશો**
**હેં હેં હેં હેં શું શું શું ?**
**કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ**
**કોયલ કૂજે કૂ કૂ કૂ.**

# ગાંધીનો સવાલ : 'સૂતરને તાંતણે સ્વરાજ' એમ ગાવા માત્ર સ્વરાજ થોડું મળવાનું હતું?



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

**કુશળ પ્રત્યાયક ગાંધી ગ્રામજનોને શીરાની જેમ સીધું ઉતરી જાય તેમ સમજાવે છે**

દાંડીકુચના વીસમા દિવસે મહાત્મા ગાંધીને મૌન વાર હતો એટલે આખો દિવસ તેઓ અને તેમના સાથીઓ દેલાડ ગામ ખાતે રોકાયા હતા. દેલાડ શાંતિપૂર્વક મૌન વાર પાળીને સાથીઓ સાથે ગાંધીજી વિદાય લઈ ને છાપરાભાઠા ગામે પહોંચ્યા હતા. આ ગામમાં સેંકડો લોકો સુરતથી આવ્યા હતા. એ ઉપરાંત અમદાવાદ અને મુંબઈના મિલમાલિકો મોટરોમાં સહકુટુંબ ઉતરી પડ્યા હતા નટરાજન અને શાંતિકુમાર મોરારજી અહીં મળવા આવ્યા હતા.એ ઉપરાંત ચાર અમેરિકન યુવાનો પણ તેમના કેમેરા સાથે અહીં આવી પહોંચ્યા હતા. મહાત્મા ગાંધીને નાનકડા ઘરમાં ઉતારો અપાયો હતો જ્યારે સાથીઓને મંદિરમાં ઉતારો આપવામાં આવ્યો હતો. ગામલોકોએ દાંડીકૂચના સાથીઓ અને સંઘ માટે આવેલા મહેમાનો માટે જમવાની સુંદર વ્યવસ્થા કરી હતી. માત્ર સાતસો માણસની વસ્તી ધરાવતા આ ગામમાં રળિયામણા આંબાવાડિયાનાં મીઠા છાંયડે છ હજાર માણસોની સભા મળી હતી. ગાંધીજીનું સ્વાગત કરતા આ વિસ્તારના અગ્રણી ડો. ઘીયાએ પોતાની મૂંઝવણ વ્યક્ત કરતા કહ્યું કે સરદારની બારડોલીની લડતનો લાભ ચોર્યાસી તાલુકાએ ઉઠાવ્યો છે છતાં આ તાલુકાએ સ્વરાજની લડતમાં હજી જોઈએ કેટલો ફાળો આપ્યો નથી પણ આશા છે કે હવે આ તાલુકો ગાંધીજીના આદેશ પ્રમાણે કામ કરશે.

હલાવી શૈલીમાં ભાષણ કરતાં ગાંધીજીએ કહ્યું કે કેદીઓને કોઈપણ પ્રકારની સ્વતંત્રતા હોતી નથી. જેલર જ્યાં ફેરવે ત્યાં ફરવું બેસાડે ત્યાં બેસવાનું અને અને સુવાડે ત્યાં સુવાનું. આ કુચ દરમિયાન જુદાજુદા તાલુકાના કોંગ્રેસના પ્રમુખ મારા જાણે જેલર થઈને બેસી ગયા છે. તેઓ જેમ બેસાડે, સુવાડે અને ખવડાવે તેમ મારે કરવું રહ્યું છે. બીજી જગ્યાએ પહોચ્યું એટલે જેલર બદલાય અને નવા જેલર કબજો લે તેવા જ આજે મારા હાલ થયા છે. આજે ડોકટર ઘીયા આવ્યા. બીજા તાલુકામાં બીજા આવશે. આ તાલીમ મારા માટે સારી છે. હું રોજ આ સરકાર મને પકડતી નથી એમ કહું છું, પણ વાઘ આવતો જ નથી. છાપાવાળા તો લખે છે કે હું જેલ જવા તલપી રહ્યો છું. આ વાતમાં અર્ધસત્ય છે. કાયદા ભંગ કરનારને નસીબે તો જેલ હોય જ એટલે અર્ધસત્ય. બાકી જેલમાં જવાનું હું મુદ્દલ તલપી નથી રહ્યો. સરદાર જેલમાં ગયા હોય તો પછી હું શું કામ જાઉં. મેં એક વાર સરદાર ને કહ્યું હતું તમારી રેખામાં જેલ નથી. હું તો અનેકવાર જેલ ભોગવી ચુક્યો છું એટલે તમે બહાર રહેજો, પણ ઈશ્વરની ઈચ્છા જુદી હતી. સરકાર તેમને પહેલા જેલ લઈ ગઈ. આપણે જો સરદારની જેલ સજાના ત્રણ મહિનાનાં બદલે બે મહિનાની સજા ઓછી કરાવી શકીએ તો આપણા પ્રયત્નો ખરા કહી શકાય.

ગાંધી વધુમાં કહે છે કે બારડોલીએ દુઃખ સહન કરીને માગ્યું અને મેળવ્યું. ચોર્યાસી તાલુકાને વિના પ્રયત્ને મળી ગયું. એથી તો ચોર્યાસી તાલુકાએ ઋણ ચૂકવવું જોઈશે. હું જોઉં છું કે છેલ્લા બે-ત્રણ દિવસથી હવા બદલાઈ ગઈ છે, પણ ક્યારેક નિરીક્ષણ કરું છું તો આવા ઉત્સાહી ગામમાં એક રેંટીયો પણ નથી. એક રેંટીયો મળ્યો તે ય માંડ ચલાવી શકાય એવો, એટલે મેં શરત કરી કે કોઈ માથે કે ખભે મૂકીને પાસેના ગામથી રેંટીયો લઈ આવે તો આ ગામમાં તે રેંટીયો ઉપર કાતવા હું તૈયાર છું. એક સ્વયંસેવક દોડીને પાટીદાર આશ્રમમાંથી રેંટીયો લઈ આવ્યો. એ પછી એના ઉપર કાંત્યા વિના કેમ ચાલે? હમણાં જ એના ઉપર કાન્તીને આવ્યો છું. કરૂણ કથા એ છે કે આવા ગામમાં પણ રેંટીયો ન હોય, એવું જર્જરિત કામ આપણે કરીએ તો સરદાર ન છૂટે. સ્વરાજના ઘણા અંગ છે. આપણે ગાઈએ છીએ અને કહીએ છીએ કે 'સૂતરને તાંતણે સ્વરાજ' પણ એમ ગાવાથી કે કહેવા માત્રથી સ્વરાજ થોડું મળવાનું હતું? એ તો તાંતણા કાઢીએ ત્યારે મળે. આ રેંટીયાનું તો મેં ઉદાહરણ આપ્યું છે. એવું બીજું પણ કામ છે, એ કામ છે દારૂનું દૂષણ દૂર કરવાનું કામ પડેલું છે. ત્રીજી વાત અમદાવાદની બહેનોએ કચરો કાઢી ગામડા સાફ કરવાની શીખવી તે છે.આપણામાં કચરો ખૂબ ભરાઈ ગયો છે એટલે સ્વરાજનો મંત્ર આપણે ભૂલી ગયા છીએ. એ કાઢતાં આપણે સમાજના અને હૃદયના મેલને કાઢીશું. આ ગામમાં નાના નાના બાળકોએ આટલી સ્વચ્છતા કરી મૂકી તો આજે અહીં બધા માણસો બેસી શક્યા છે. કીમ નદી ઉપર લોકોએ રાત દિવસ મહેનત કરીને વિના ખર્ચે પુલ બાંધ્યો એમ લોકો આપમેળે શક્તિ પ્રમાણે કામ કરતા થઈ જાય તો સ્વરાજ માટેની શક્તિ પેદા થઈ જાય તો જ ખરું સ્વરાજ આપણે પામી શકીશું એમ સમજાવે છે.

આમ ગાંધીએ ત્યાં ઉપસ્થિત જનમેદની સાથે સ્વરાજ એટલે માત્ર ગોરા શાસનમાંથી મુક્તિનો બદલાવ નહિ પરંતુ એની સાથે સમાજજીવનની સડા સમાન જે સામાજિક સમસ્યાઓ હોય એ સમસ્યાઓને પણ નિર્મૂળ કરવાની વાત કરે છે. સમાજના અને દેશના વિકાસ માટે કોઈપણ પ્રકારની લડત વગર મળ્યું હોય તો આપણે આપણી ફરજ સમજીને બીજા કામો જે ખૂટતા હોય એ આપણે કરવા જોઈએ એમ બારડોલી સત્યાગ્રહનો લાભ જે ચોર્યાસી તાલુકાને કોઈપણ પ્રકારની સામેલગીરી વગર મળ્યો મળ્યો હતો એના ઉદાહરણ સાથે તેઓ સમજાવે છે આ ઉપરાંત તેઓ ખાદી કાંતણની વાત સાથે ગ્રામ વિકાસ અને ગામમાં જ રોજગારીનું સર્જન થાય જેથી ગામ લોકોને ગામની બહાર આર્થિક ઉપાર્જન માટે સ્થળાંતર ન કરવું પડે એ માટે અપનાવવા કહે છે. તો સાથે સાથે સમાજના અને હૃદયના મેલ કાઢવાની વાત કરતાં કરતાં તેઓ સમાજની અંદર જ્ઞાતિવાદી અને જાતિવાદી માનસિકતાથી ભરાયેલા મેલને કાઢવાની પણ તેઓ વાત કરી સમાનતા સ્થાપવાનું સમજાવે છે. તો કિમ નદી ઉપર વિના ખર્ચે લોકોએ પોતાની સમજ શક્તિથી જે પુલ બનાવવાનું કામ કર્યું હતું તેને સમૂહ જીવન માટેના શ્રેષ્ઠ દ્રષ્ટાંત તરીકે બિરદાવતા દેશ આઝાદ થાય અને લોકશાહી આવે એ પહેલા લોકોને દેશના પ્રશ્નો ઉકેલવા માટે શ્રમદાન કરવા પણ સમજાવે છે. આમ ગાંધી ભાષણની શરૂઆત તો પોતાને અને જુદા જુદા તાલુકાઓના અગ્રણીઓને જેલર ગણાવીને રમૂજ કરતા કરી પરંતુ આ હલાવી રમૂજ સાથે શરૂ થયેલી પોતાની વાતમાં સમાજજીવનને માર્ગદર્શિત કરવાનું પણ તેઓ ભૂલતા નથી. આજીવન શિક્ષક ગાંધી પોતાની આગવી પ્રત્યાયન કુશળતા સાથે ગ્રામજનોને શીરાની જેમ સીધું ઉતરી જાય તેમ સમજાવે છે.